શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક-૮ ઓગષ્ટ - ૨૦૧૯

ગૌશાળા તથા હોલિસ્ટિક હોસ્પિટલની મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજીનું સ્વાગત કરતા પૂજ્ય સંતો, SGVP

લેહ-લદ્દાખ ખાતે સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંઘસેનાજી, સ્થાનિક મહાનુભાવો તથા 'ગોગ્રીન' કાર્યક્રમ પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું સન્માન કરતા માનનીય દ્રિકુજ ચેતસંગ રિમ્પોછે

સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત સંતો, મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ, અમદાવાદ ગુરુકુલ

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૧, ઓગષ્ટ : ૨૦૧૯, અંક : ૮

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

પંખીડા કરોને પાંખું...

પંખીડા કરોને પાંખું જાયો પિયુ પાસજી રે;
કર જોડી કે'જો એક અમારી અરદાસજી રે...
વાંક શીયો વાલા અમને દરશન ન દીયોજી રે;
આવતા આળશ તમને અમને તેડી લીયોજી રે...
ઘણા રે દિવસનું વા'લા દરશન ન દીધુંજી રે;
અમ ઉપર હરિ હૈયું કઠણ કેમ કીધુંજી રે...
પેલી વેલી પ્રીત કરી લાલચ લગાડીજી રે;
દરશન દેતા જો દયા કરી દાડી દાડીજી રે...
આચિંતા આવતા વાલા આંગણિયે અમારેજી રે;
તે'દી ઘણી ગરજ હતી અમારી તમારેજી રે...
હવે તો સાંકળી મુકયાં સ્નેહની સાંકળેજી રે;
પાસળ ન રાખો પિયા તેણે તન બળેજી રે...
આથ્ય ને મિરાથ્ય મારી એક અંતરજામીજી રે;
વાલાજી વેલેરા આવો સહજાનંદ સ્વામીજી રે...
દુઃખડાં તે દૂર કરો દરશન દઈનેજી રે;
નિષ્કુળાનંદના સ્વામી વા'લા આવો વઈનેજી રે...

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના મુખે વહેલી

જ્ઞાનસત્રની જ્ઞાનકણિકાઓ

✎ શાંતિ પમાડે તેને સંત કહીએ. જીવનમાં અશાંતિ આપનારા ઘણા છે. માણસ પોતે પણ અજંપાનો અવતાર છે. આ અશાંતિ, અજંપો, હતાશા - આ બધાની વચ્ચે આપણને શાંતિના દ્વિપ ઉપર મૂકી શકે તે સંત. જેને કારણે આપણાં ચૈતન્યની વસંત મ્હોરી ઊઠે તે સંત. આપણે જ્વાળામુખી ઉપર બેઠા હોઈએ અને જેની વાણી કે મૌન, જેનો પારસમણિ સ્પર્શ આપણી ભીતર ચંદનનો લેપ કરી શકે તે સંત. અને જે સંત હોય એના દાસ થવા મળે એના જેવા કોઈ આશીર્વાદ નથી.

✎ પુરુષોત્તમનારાયણનાં શરણે થયેલા એકાંતિક સાધુના સંગ વિના સાચો સત્સંગ થતો નથી અને પુરુષોત્તમ નારાયણનો ભેટો કે ઓળખાણ પણ એવા સાધુના સંગથી જ થાય છે.

✎ 'मुह्यन्ति यत्र सूरयः' નરનાટક કરી રહેલા પરબ્રહ્મને ઓળખવા અને એમનાં શરણે થવું એ ખૂબ કઠણ છે. ભલભલા યોગીઓ અને દેવતાઓ થાપ ખાઈ ગયા છે. માટે જ સદ્‌ગુરુનો સંગ એવા પરમાત્માની ઓળખાણ કરાવી એમનાં શરણે જીવને લઈ જાય છે.

✎ જે વાત સત્શાસ્ત્રને મળતી ન આવે તે વાત પ્રમાણિત ન કહેવાય. કળિયુગમાં મતપંથો આકર્ષક રહેવાના, વિશ્વનાં ફલક ઉપર છવાયેલા રહેવાના, લાખો માણસો એને અનુસરતા હશે, વ્યવસ્થા અદ્‌ભુત હશે-શિસ્તબદ્ધ હશે; પરંતુ આવા પંથોને જો વેદ, ગીતા, ઉપનિષદો વગેરે સદ્‌ગ્રંથો સાથે સંબંધ નહીં હોય તો પરબ્રહ્મની પ્રાપ્તિ નહીં થાય, જીવ ભટકી જશે. આજે મોટા ભાગે પસંદગી અધ્યાત્મને લઈને નહીં, પરંતુ વ્યવસ્થાને લઈને થતી હોય છે. માટે જ જે મતને સત્શાસ્ત્રો સાથે સંબંધ ન હોય અથવા સત્શાસ્ત્રોના અર્થ પોતાની અનુકૂળતા મુજબ થતા હોય, ત્યાં સમય ન બગાડવો. સત્શાસ્ત્રનાં નામે ભ્રમણા ફેલાવનારાથી દૂર જ રહેવું.

✎ ભક્તિ પરંપરામાં ગુરુમહિમા ભારે છે. ગુરુ વિના જ્ઞાન મળે નહીં, મારગ જડે નહીં. ગુરુ વગરનો જણ નૂગરો કહેવાય છે. આત્મપ્રેમી જ્ઞાનીઓ ભલે ગુરુ વગર ચલાવી લે, પણ ભક્તિમાર્ગી માટે તો નૂગરા કહેવાવું ગાળ જેવું લાંછન છે. સદ્‌ભાગી હોય તેને સાચો ગુરુ મળે. ગુરુનો ઉપદેશ એ જ અમૃતરસ. એ રસ દેગડા ભરી ન લેવાય, ખોબે ખોબે ન પીવાય, એની તો અંજલી જ બસ. એક એક અંજલી એકએક પૂરણ પિયાલા બરાબર થાય.

✎ દેહાભિમાન રૂપી લીલ દૂર થયા પછી જ પરબ્રહ્મરૂપી ગંગાજળ હાથમાં આવે છે.

✎ 'धारयति इति धर्मः' જે ધારી રાખે છે તે ધર્મ છે. આ સમગ્ર વિશ્વ કોઈ અદૃશ્ય ધર્મને અનુસરી રહ્યું છે. સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહમાળા વગેરે કરોડો વર્ષથી પોતાના ધર્મમાં રહી ભ્રમણ કરી રહ્યા છે. એક દોરોવા એ પોતાની ગતિમાંથી ચલિત નથી થતાં. પશુ, પક્ષી, વૃક્ષ-લતા વગેરે જીવો પણ ભગવાને બાંધેલી મર્યાદાનો લોપ નથી થવાં દેતાં. એક મનુષ્ય જ એવું પ્રાણી છે જેને ધર્મને અનુસરવો કઠણ પડે છે.

✎ સ્વભાવ બે પ્રકારના હોય છે. એક બાહ્ય કે જે દેહના છે, જેને કુટેવ કહેવાય. આ દેહના સ્વભાવો મોક્ષમાર્ગમાં વિઘ્નકર્તા છે. બીજા સ્વભાવ આંતરિક છે જે આત્માના છે. અજર-અમર, અજન્મા, અછેદ્ય-અભેદ્યાદિ સ્વભાવોને જે જાણી લે છે તેનો મોક્ષમાર્ગનો પંથ ટૂંકો થઈ જાય છે.

✎ બાહ્ય ગુણોના સહારે આપણો ઉદય થાય છે. આંતરિક ગુણોના સહારે આપણો અભ્યુદય થાય છે. ઉદય પોતાનો હોય છે, જ્યારે અભ્યુદય સમૂહનો હોય છે. ઉદયમાં ઈર્ષા, રાગ-દ્વેષ વધવાની સંભાવનાઓ વધારે રહે છે; જ્યારે અભ્યુદયમાં સુહૃદભાવનો વધારો થાય છે. કેવળ મારો જ વિકાસ થાય, હું જ સુખી થાઉં એ પશુતા છે અને મારી સાથે ચરાચર સુખી થાય એ મનુષ્યતા છે.

✎ પોતાનાથી બને તો કોઈકને આપી છૂટે, આપ્યા પછી

પોતાનાં મનમાં પણ આપ્યું છે એની વાતને ન ઘૂંટે. આવા વિસ્મરણનાં વરદાનની સાથે જે રહે એને આપ્યાનો ભાવ કે ભાર નથી રહેતો.

✎ ધર્મ પાળ્યા વિના ચિત્ત શુદ્ધ થતું નથી. ચિત્ત શુદ્ધ થયા વિના ભક્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. માટે ધર્મ પણ મોક્ષનું દ્વાર છે. ધર્મનો સંબંધ સ્વયં નારાયણ સાથે છે. નારાયણ કહે એ ધર્મ અને ન કહે એ અધર્મ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, 'ધર્મ તે ધર્મસુતના વચનજી.'

✎ ધર્મ તર્ક આધારિત નહીં, પણ શ્રદ્ધા આધારિત છે. જડતા ધારણ કરી રાખનારને પ્રભુ જડતા નથી. માટે ધર્મ પણ જડતાથી ભરેલો ન હોવો જોઈએ. ધર્મ કોઈ પુસ્તક આધારિત નથી, ધર્મ ભગવાનની વાણીને અનુસરે છે. ભગવત્‌સંબંધે યુક્ત ધર્મ એકાંતિક ધર્મ બની રહે છે.

✎ સત્ય તત્ત્વ એટલું વિશાળ અને અગાધ છે કે એને ક્યારેય કોઈ પૂર્ણ સમજી શકતું નથી. જે સત્યસ્વરૂપ પરમાત્માને જાણી લીધાનો દાવો કરે છે એના જેવો બીજો કોઈ અજ્ઞાની નથી. જે પોતાનાં દર્શનને-પોતાના ધર્મને પૂર્ણ કહે છે એ પણ ભૂલોથી ભરેલો છે. કેન ઉપનિષદ આ જ વાત આપણને સમજાવે છે.

✎ બાહ્ય વૈભવ જૂઠો છે, છકાવી દેનારો છે. એમાં ભય અને ગર્વ બન્ને ભળેલા છે. આંતરપ્રકાશ મરજીવાને સાંપડેલા મોતી જેવો છે. વર્ષોનાં વર્ષો બાહ્ય ભભકામાં ગયાં. આ ભભકાના સ્મરણનો જો કાયમ માટે લોપ થાય અને એની સાથે સંકળાયેલા સર્વ સ્ખલનો અલોપ થાય તો પ્રકાશનું નવું વર્ષ પ્રાપ્ત થાય.

✎ આપણે સાચો હરિજન કોને કહીશું ? રામ-શ્યામ-ઘનશ્યામના સ્વજન કોને કહીશું ? એક જ જવાબ છે, 'પાર વિનાની વિપત્તિ પડે તોય ભીતરથી જે વણસે નહીં તે હરિજન. વિપત્તિમાં જેની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ડગે નહીં એ હરિજન.'

✎ શિક્ષાપત્રી અને વચનામૃત સત્સંગની બે પાંખો છે. સદ્‌ગુરુની કૃપા સાથે આ બે ગ્રંથનું સેવન કરનારને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

✎ કૃષ્ણ જેવો ભગવાન પણ બાળકના વેશે યાચના કરે છે. આ યાચના કંઈ ગોરસની નથી. ગોરસ તો માત્ર નિમિત્ત છે. એ તો પ્રેમનો તરસ્યો છે. ગોરસના બહાને એ પ્રેમ માગે છે.

✎ જે વચનોમાં હજારો જીવોનું શ્રેય સમાયેલું હોય એને સત્ય કહેવામાં આવે છે. ક્યારેક અસત્યને સત્ય તરીકે રજૂ કરવાથી અસત્ય પણ શ્રેયસ્કર બની રહે છે. 'अस्वत्थामा हतः' આ વચન અસત્ય હોવા છતાં શ્રેયસ્કર હોવાને લીધે અને પરમાત્માની આજ્ઞાથી બોલાયું તો સત્ય બની ગયું.

✎ સત્ય ક્યારેય પરાજિત થતું નથી અને અસત્યનો ક્યારેય વિજય થતો નથી. ક્યારેક સૂર્ય પણ વાદળો પાછળ ઢંકાઈ જાય છે, પરંતુ એ થોડા સમય માટે જ. જેવા વાદળો વિખેરાય એટલે પ્રકાશ પથરાઈ જાય છે. એ જ રીતે સત્યનો ક્યારેક પરાજય થતો લાગે, પરંતુ અંતે તો ભગવાનના દરબારમાં એનો ન્યાય થયા વિના રહેતો જ નથી.

✎ સુખ અને દુઃખ જીવનના બે પાસા છે. સુખ સારું લાગે, દુઃખ દુઃખી કરે. પરંતુ ભગવાનના ભક્ત માટે તો ભગવાને મોકલેલું દુઃખ ભક્તના સારા માટે જ હોય છે. માટે દુઃખને પણ જીવી જાણવું.

✎ ક્ષણભંગુર સાથેનો સંબંધ તોડીએ અને શાશ્વતી સાથે સંબંધ જોડીએ, તો આનંદની અવસ્થા પ્રાપ્ત થતી હોય છે.

✎ જેનો ભીતરનો દીવો પ્રગટી ગયો એ ઓશિયાળો ન રહે. ભીતરના દીવાને જ્ઞાનથી અને ભક્તિથી પ્રગટાવવાનો છે. ભીતરમાં પ્રગટેલી જ્યોત દેહીને વિદેહી બનાવી દે છે.

✎ સાધક શમ અને દમથી યુક્ત હોવો જોઈએ. શમ અને દમનું સમતોલન સાધનાને યોગ્ય દિશામાં ગતિ આપે છે. બાહ્ય ઈન્દ્રિયોના સંયમને દમ કહેવામાં આવે છે અને ઉત્તમ પ્રકારના વિષયોના યોગમાં આવવા છતાં મન ડોલે નહીં તે શમ છે. સાધનાની શરૂઆત દમથી કર્યા પછી શમમાં પ્રવેશ થાય છે. શ્રીજી મહારાજે આ વાત પ્રથમ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં વિસ્તારથી સમજાવી છે.

✎ કેવળ તર્કને આધારે જીવતો માણસ ક્યારે તરકડો થઈ જાય તે કહેવાય નહીં. તર્કની પર અને તર્કની પારનો એક પ્રદેશ છે. બુદ્ધિ નહીં, પણ પ્રજ્ઞાનો એ પ્રદેશ છે. અને પ્રજ્ઞાની પાર પણ કશુંક હોય છે, જ્યાં આપણી મન-વાણી પહોંચતી નથી. આ વાત દરેકે જીવનમાં

ઊતારી રાખવી જોઈએ.

✎ વિશ્વની તમામ યુનિવર્સીટીમાં જે અભ્યાસ કરાવવામાં આવે છે એનાં મૂળ વેદમાં રહ્યાં છે, છતાં જે વેદમાં છે એ ક્યાંય નથી. વેદ સ્વયં પરમાત્માનું સ્વરૂપ છે. વેદના ઉદ્‌ગાતા પરમાત્મા છે. વેદ સત્યસ્વરૂપ છે, સનાતન છે.

✎ શ્રીહરિની પ્રાપ્તિ થવી ખૂબ દુર્લભ છે. આપણી તુચ્છ સાધનાથી શ્રીહરિને પામવા અશક્ય છે. માટે જ નિત્ય પ્રાર્થના કરવી કે, 'હે મહારાજ ! તમે વેલા-મોડા મળો એ ચાલે પરંતુ તમને મળેલા સંતનો જોગ અમને કરાવી દેજો.'

✎ 'सुनिचैव स्वपाकेषु पण्डिता समदर्शिनः' જ્ઞાની મહાપુરુષોની દૃષ્ટિમાં સામ્ય હોય છે. એમની નજરમાં ન કોઈ ઉચ્ચ કે ન કોઈ નીચ, બધા જ પરમાત્માના સંતાન હોય છે. માટે જ તુલસીદાસજી રામાયણમાં મંગલાચરણ કરતી વખતે અસુરોની પણ સ્તુતિ કરે છે.

✎ આ સમસ્ત જગત પરમાત્માનું છે. માટે આ જગતમાં માલિક બનવાનો નહીં, માળી બનવાનો પ્રયત્ન કરવો.

✎ ભગવાનનો ભક્ત માન-મત્સરથી રહિત હોય છે. સર્વમાં મારા ઈષ્ટદેવ અંતર્યામી સ્વરૂપે બિરાજમાન છે એવી ભાવના રાખી ગુણ ગ્રહણ કરવા. સેવા માન મૂકીને કરવી, સર્વનિયંતા પરમાત્મા મારી સેવાને જોઈ રહ્યા છે એવી ભાવના રાખવી. કોઈ પણ પ્રકારની માન-મોટપ મેળવવા સેવા ન કરવી.

✎ શ્રવણ અધ્યાત્મનો પાયો છે. સર્વ સાધનાની પુષ્ટિ શ્રવણથી થાય છે અને સદ્‌ગુણોની પ્રાપ્તિ પણ શ્રવણથી જ થાય છે. માટે સત્પુરુષને વિશે એકનિષ્ઠ થઈ શ્રદ્ધાપૂર્વક શ્રવણભક્તિ કરવી.

✎ આધ્યાત્મિકતાનો સીધો-સાદો અર્થ એટલો જ હોય છે કે જેની ગતિ આત્મા કે પરમાત્મા તરફ હોય, એ આધ્યાત્મિકતા.

✎ ભક્ત એકનિષ્ઠ હોય છે, વિભક્ત ભક્ત થઈ શકતો નથી. ભક્ત એકાગ્ર હોય છે. એનો સંબંધ પિંડથી બ્રહ્માંડ સુધીનો હોય છે. સાચો ભક્ત વૈષ્ણવજન વૈશ્વિકજન હોય છે. એ પાંદડાંને ગણતો નથી અને વૃક્ષની સમગ્રતાને ભૂલતો નથી.

✎ ઘડપણમાં ગોવિંદ ગાશું એ તો વાયદાપ્રેમીઓની વાત છે.

✎ પ્રત્યેક વસ્તુને તર્કની લેબોરેટરીમાં ન લઈ જવાની હોય. નવલખ તારાની નીચે આપણે આપણું ત્રાજવું લઈને બેસીએ તો આપણે ભિખારી જ પૂરવાર થવાના અને અલગારી ઈશ્વર તો આપણાથી આઘો ને આઘો જ રહેવાનો.

✎ ચૌદ ભુવનનો સ્વામી છે તે બહારના વૈભવથી નહીં, પણ અંદરના ઐશ્વર્યથી આવશે. ચપટી ધૂળની પ્રીત હોય પણ એ પૂર્ણ અને સાચી હોય, તો ખુદ હરિથી દોડ્યા વિના રહેવાય નહીં.

✎ જેમ પ્રિયતમ સાથે પ્રેમમાં લપટાયેલી પ્રિયતમાનું મન રાત-દિવસ પોતાના પ્રિયતમમાં જ વસ્યું હોય છે, એના જ વિચારમાં ખોવાયેલું રહે છે, તેમ હરિના ભક્તનું મન પણ પોતાના ઈષ્ટદેવમાં જ સદાયે રમમાણ હોય છે, તન્મય હોય છે.

✎ જેનું મન મુક્ત છે તેના માટે જીવનનો પ્રત્યેક અનુભવ પ્રજ્ઞા છે. સાચા સંતને સંસાર બાધારૂપ થતો નથી. કમળ સદાસર્વદા જળમાં વસે છે, તોય એની પાંખડીઓને પાણી સ્પર્શતું નથી. પાણીમાં તરતી માછલીને નથી પાણીનો ભાર લાગતો કે નથી પાણીનો પ્રવાહ એના માર્ગને રૂંધતો. માછલી સાવ સહજ રીતે પાણીમાં તર્યા કરે છે. એવી જ રીતે સંસારની મોહમાયાથી મુક્ત થયેલા સંતો સંસારમાં વસવા છતાં, સર્વ સંસારી કર્તવ્યોનું પાલન કરવા છતાં, એમાં બંધાતા નથી; કારણ એમનો માંહ્યલો પરમતત્ત્વ સાથે એકતાર થયેલો હોય છે. સાચો સંત સ્થિતપ્રજ્ઞ હોય છે, ઈન્દ્રિયજિત હોય છે, દ્વંદ્વાતીત હોય છે. એને મન સુખ-દુઃખ, જય-પરાજય, સફળતા-નિષ્ફળતા બધું એકસમાન હોય છે. એને કશું વિચલિત કરી શકતું નથી.

✎ દુઃખના સમયે સાથ આપે તેવો સાચો મિત્ર અને ઈશ્વરની ઓળખાણ કરાવે તેવો સાચો ગુરુ સદ્‌ભાગ્યે જ મળે છે. ગુરુઓનો આ સંસારમાં તોટો નથી. એક શોધો તો હજાર જડે, પણ તમારાં અંતરતમમાં જે તેજતિખારો મોહમયી રાખ નીચે ઢબૂરાઈને પડ્યો છે, તેના પરથી રાખ દૂર કરી અંધકારથી પ્રકાશમાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં અને મહામૃત્યુમાંથી અમૃત સમીપે લઈ જનાર સદ્‌ગુરુ વિરલા હોય છે. એ પારસમણિ જેવા હોય છે, એમના સ્પર્શે કથીર પણ કંચન થઈ જાય છે. એક વખત જો તમને સાચી કેડી જડી જાય, તો પછી પ્રવાસ સરળ બને છે.

✎ સંતની વાણીમાં અનુભવ અને અનુભૂતિનો કોઈ નિરાળો રણકો છે અને એ રણકો એટલી હદે નીવડેલો છે કે કાળ પણ એને બોદો કરવા માટે અસમર્થ છે. કાળ પણ જેને કરમાવી ન શકે, તે જ સંતનું સાચું સ્વરૂપ. ○

વચનામૃતમાં નામ-સ્મરણનો મહિમા

- પાર્ષદ શામજી ભગત

વચનામૃત અનુપમ ગ્રંથ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી ૨૦૦ વર્ષ પહેલા જે અમૃતવાણી ઉચ્ચારી તેને પરમહંસોએ ચાતક પક્ષીની જેમ ઝીલી લીધી અને આ પૃથ્વી ઉપર એક આધ્યાત્મિક સાધના સભર સદ્‌ગ્રંથની આપણને સૌને ભેટ મળી.

ગ્રંથ પ્રમાણમાં મોટો છે, તાત્વિક-આધ્યાત્મિક ચર્ચાઓથી સભર છે, છતાં સરળ ગુજરાતી ભાષામાં છે તેથી દરેક ગુજરાતી જાણનાર તેને વાંચી શકે છે. વર્ષો સુધી સત્સંગસભર વાતાવરણમાં રહીને, સંત સમાગમ કરીને, તેના અર્થોને આત્મસાત કરીને જીવનમાં ધન્યતાનો અનુભવ કરાવી શકે એવો આ ગ્રંથ છે.

આ ગ્રંથની દ્વિશતાબ્દી આજે સત્સંગમાં ઉત્સાહભેર ઉજવાઈ રહી છે અને આગામી કાર્તિકી સમૈયામાં તારીખ ૯ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ દરમિયાન સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબ જ શ્રદ્ધા, મહિમા અને ભક્તિભાવ સાથે ઉજવાશે ત્યારે પ્રત્યેક સત્સંગીએ વચનામૃતની સત્સંગસભર અને જીવન ઉપયોગી વાતોને વિવિધ રીતે વાગોળવી જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ મેમનગર ખાતે ૪૩ મા જ્ઞાનસત્ર પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની આજ્ઞાથી તેમજ સદ્‌ગુરુ સંતોની પ્રેરણાથી વચનામૃતની મહિમાસભર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિશેષ વચનામૃતમાંથી સત્સંગ, સેવા, સંત, ભગવાનની મૂર્તિ અને ભગવાનનું નામસ્મરણ તેનો મહિમા સમજાય એવા હેતુથી **SGVP** સંસ્થાના યુવાન સંતોએ વ્યાખ્યાનો આપ્યા; તેમાંથી અત્રે વચનામૃતમાં નામ-સ્મરણનો મહિમા એ વિષય અંગે કેટલાક મુખ્ય મુખ્ય મુદ્દાઓને અહીં રજૂ કરીએ છીએ.

નામસ્મરણ એ ખૂબ જ સરળ સાધન છે. દરેક ધર્મમાં નામ-સ્મરણનો ખૂબ જ મહિમા ગવાયો છે. એ જ રીતે કોઈ પણ ધર્મગ્રંથ હોય અથવા મહાપુરુષ હોય, તેમણે પણ હરિનામ સંકીર્તન અને નામજપ વિશે ખૂબ જ અનુભવ સાથે પ્રેરણાઓ આપેલી છે. આ અર્થમાં નામસ્મરણ દરેક વ્યક્તિ માટે સુગમ સાધન બની રહે છે. તો પણ વચનામૃતના સંદર્ભમાં નામસ્મરણનો મહિમા વિચારીએ ત્યારે નામસ્મરણ સરળ પણ છે અને કેટલીક સમજણની અપેક્ષા પણ રાખે છે; આ અર્થમાં વચનામૃતના આધારે નામ-સ્મરણનો મહિમા વિચારીએ.

જે કોઈ એક પરમાત્મા છે, જેને વેદો નેતિ નેતિ કહીને અગમ-અગોચર કહે છે, તેમજ યોગીઓ અનંતકાળ સુધી યોગસાધના કરીને પણ જેનો અનુભવ પામી શકતા નથી; એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર વિવિધ અવતાર ધારણ કરીને સમગ્ર માનવજાત ઉપર કૃપા કરીને પધારે છે ત્યારે તેનો યોગ જીવને થાય છે, પરંતુ એ પરમાત્માની ઓળખ નહીં હોવાને લીધે દરેક શ્રદ્ધાવાન ભક્ત તેને પોતપોતાની રીતે ઉપાસે છે અને ભક્તિ કરે છે.

અધ્યાત્મના માર્ગમાં દરેક શ્રદ્ધાળુ વ્યક્તિની શ્રદ્ધા સ્વીકાર્ય છે, તેથી...

"હરિ તારા નામ છે હજાર, કયાં નામે લખવી કંકોત્રી,
રોજ રોજ બદલે મુકામ, કયાં નામે લખવી કંકોત્રી."

એવાં કીર્તનોમાં ભગવાનના હજારો નામ છે, ભગવાનના હજારો રૂપ છે. એટલે એવાં અનંત રૂપ અને અનંત નામધારી પરમાત્માને સૌ પોતપોતાની રીતે ઉપાસે છે, ભજે છે.

વચનામૃતમાં તપાસીએ તો વચનામૃતમાં પણ એક જ પુરુષોત્તમ નારાયણના અનેક અવતારો અને અનેક નામોનો સ્વીકાર થયેલો છે.

વચનામૃતના પ્રત્યેક પાને 'શ્રીજી મહારાજ' એવું નામ અંકિત છે, એ જ રીતે 'સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ' એ નામ પણ વચનામૃતમાં પ્રસિદ્ધ છે. તેમજ એ જ પરમાત્મા માટે પુરુષોત્તમ નારાયણ, વાસુદેવ નારાયણ, શ્રીકૃષ્ણ નારાયણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ વગેરે

અનેક નામોથી વચનામૃતમાં પરમાત્માનાં સ્વરુપની વિવિધ જ્ઞાનચર્ચા થયેલી છે. જેમાં સ્વામિનારાયણ એવા નામનો ઉલ્લેખ બહુ ઓછાં વચનામૃતમાં જોવા મળે છે. એ જ રીતે જ્યારે જ્યારે વચનામૃત સભા થાય છે, ત્યારે ત્યારે કીર્તનગાન થતાં હોય અથવા નારાયણ ધૂન થતી હોય એ પ્રસંગોમાં પણ સ્વામિનારાયણ એવાં નામનો ઉલ્લેખ ખૂબ જ ઓછા પ્રમાણમાં થયો છે, તો પણ આપણે તો 'સ્વામિનારાયણ' નામનું જ ભજન - ઉપાસન કરીએ છીએ.

આનો અર્થ એવો કરી શકાય કે શાસ્ત્રમાં પરમાત્માના અનેક નામો પ્રસિદ્ધ હતાં, પરંતુ સહજાનંદ સ્વામીએ સ્વયં પોતાનું નામ જાહેર કર્યું. જે શાસ્ત્રમાં હોવા છતાં કોઈના જાણવામાં આવેલ નહોતું, તેને સ્વયં શ્રીજી મહારાજે પ્રગટ કર્યું અને પ્રસિદ્ધ કર્યું. તેમજ એ જે કોઈ એક પુરુષોત્તમ નારાયણ છે એ જ આ 'સ્વામિનારાયણ' તરીકે પ્રગટ થયા છે એવું પ્રતિપાદન વચનામૃતમાં પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે વારંવાર થયા કરે છે. તેથી સૌપ્રથમ સંત-સમાગમ કરતાં કરતાં જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ ઓળખવામાં આવે છે અને એ સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થાય છે, ત્યાર પછી સંતોના માધ્યમથી એ ભગવાનનો આશ્રય થાય છે, ત્યારબાદ એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામસ્મરણ, ભજન, કીર્તન વગેરે આપોઆપ થવા લાગે છે.

જેમ લોભીને ધનનું ભજન આપોઆપ થાય છે અને જેમ કામી પુરુષને મનગમતી સ્ત્રીનું ભજન સહેજે સહેજે થાય છે, એ જ રીતે સ્વામિનારાયણ નામનો મહિમા અને યથાર્થ નિશ્ચય જીવમાં થયા પછી એ નામનું ભજન પણ આપોઆપ થવા લાગે છે.

ભગવાનનો યથાર્થ નિશ્ચય થયા વિના તેમજ એમનાં સ્વરૂપનો મહિમા સમજ્યા વિના જે નામ સ્મરણ થાય એનું માત્ર બીજબળ થાય છે, સંસ્કાર થાય છે, પરંતુ જ્યારે ભગવાનનો દૃઢ નિશ્ચય થાય છે અને યથાર્થ મહિમા સમજાય છે, ત્યાર પછી થતું ભજન એ ખરા અર્થમાં કલ્યાણકારક અને મોક્ષકારક બની રહે છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે...

જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજને રે પામે ભવજળ પાર
પ્રગટ પુરુષોત્તમ આ શ્રી હરિ...
જેનું શરણું ગ્રહે સુખ પામીએ,
વેગે નાસે રે મોહમાયાના પાશ...
પધાર્યા અખંડ સુખ આપવા.
સ્વામિનારાયણ મુખે ઉચ્ચારે,
તેને જન્મ-મરણ-જમનો ભય જાય,
નારાયણ પ્રબળ પ્રતાપ છે...

આ રીતે શ્રીજી મહારાજની અમૃતવાણીને પરમહંસોએ કીર્તનમાં અને પોતાના ઉપદેશ વચનોમાં સારગર્ભિત રીતે વણી લીધી છે.

વચનામૃતમાં નામ-સ્મરણનો મહિમા સમજવા માટે ગઢડા પ્રથમ પ્રકરણ ૨૨, કારિયાણી ૯, લોયા ૧૩ અને ૧૬, ગઢડા મધ્ય પ્રકરણ ૩૫, ગઢડા અંત્ય પ્રકરણ ૪, ૧૫, ૩૩ અને ૩૫ વગેરેનો સ્વાધ્યાય કરવો આવશ્યક છે.

જેને ખરેખર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નામનો મહિમા સમજાયો હોય તે તો એમ સમજે જે, "ગમે તેવો પાપી હોય અને અંત સમયે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિશે નિવાસ કરે, તો જે એ ભગવાનનો

આશ્રિત હોય ને એ ભગવાનનાં ધામને પામે એમાં શો સંશય છે ?'' વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૬.

માત્ર એક જ વાર ભગવાન શ્રીહરિના આ મહામંત્ર 'સ્વામિનારાયણ 'નામનું ઉચ્ચારણ થાય તો જીવ બધા પાપોથી છૂટીને ભગવાનના ધામને પામે એટલો અપરંપાર મહિમા એક નામમાં ભરેલો છે; તો જે સતત ભગવાનનું નામસ્મરણ કરતા હોય, ભગવાનનું આરાધન કરતા હોય, ભગવાનની આજ્ઞામાં રહેતા હોય; તેમનો કેટલો મહિમા હોઈ શકે ? એ પોતપોતાની સમજણનો વિષય છે. વચનામૃત સ્વાધ્યાય કરનારાને આવી સમજણ આવે છે.

મનુષ્યને મોટામાં મોટું દુઃખ તેનું મન આપે છે. એ મન સતત સંકલ્પ-વિકલ્પ એટલે કે વિચારો કર્યા કરે છે, જેને વચનામૃતમાં ઘાટ-સંકલ્પ કહે છે. આ સારા-નરસા ઘાટસંકલ્પ એટલે કે વિચારો સતત મનુષ્યને હેરાન-પરેશાન કરીને દુઃખની ખીણમાં નાખી દે છે અને મનુષ્ય બીજાને દોષ દે છે. હકીકતમાં પોતાના વિચારો રોજ અને સતત પોતાને દુઃખી કરે છે. એવા ઘાટ સંકલ્પ ટાળવાનો એક ઉપાય છે ...ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સ્મરણ.

વચનામૃત લોયા ૬માં શ્રીજી મહારાજે આ અંગે ખૂબ જ મોટો ખુલાસો કર્યો છે અને પોતે જ પ્રશ્ન પૂછીને જવાબ આપ્યો છે કે 'જ્યારે મનમાં ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડતું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું અને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી. તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેના નામ લઈને તેની પ્રાર્થના કરવી, તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય.'

વચનામૃતનો આ એક જ મુદ્દો વચનામૃતની વિશેષતા બની રહે છે, કારણકે ભગવાનને મારગે ચાલેલા કોઈપણ સાધક ભજન કરતાં કરતાં અથવા હરિ નામસ્મરણ કરતાં કરતાં કે અખંડ ધૂન કરતાં કરતાં પોતાનું મન ક્યાં ભટકે છે તેનો ભાગ્યે જ વિચાર કરતા હોય છે. મનથી કે મુખથી નામસ્મરણ થતું હોય તોપણ અંતઃકરણમાં કેટલોય કજિયો ચાલુ હોય. એટલે ખરા અર્થમાં ભગવાનનાં નામસ્મરણનું કે ભજનનું કે ભગવાનના સ્વરૂપનું સુખ-આનંદ અનુભવાતો નથી અને ભક્તના અંતરમાં અપૂર્ણતાનો ભાવ રહ્યા કરે છે. આવી અપૂર્ણતા ટાળવા માટે શ્રીજી મહારાજે વચનામૃતમાં ભક્તને દરરોજ પોતાનાં મનનો તપાસ કરવાની, તેમજ દરેક ક્રિયામાં ભજન કરતાં કરતાં ભગવાનની મૂર્તિ સંભારવાની, તેમજ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખવાની અલૌકિક પ્રેરણા કરેલી છે. વચનામૃતનો ખૂબ અભ્યાસ કરીને શ્રીજી મહારાજના આશ્રિત તરીકે આપણે આ વાતોને આત્મસાત કરવી જોઈએ, અન્યથા ભજન પણ પ્રદર્શનનો વિષય બની જાય છે.

જેમ કેટલાક તપસ્વીઓ પોતાનાં તપની જાહેરાત કરતા રહે છે, કેટલાક દાનવીરો પોતાને માન મળે અને પોતાનું નામ જાહેર થાય એવી અપેક્ષા સતત રાખતા હોય છે, એ જ રીતે ભજન કરનારાને પણ પોતાનું નામ જાહેર થાય અને અમે આટલું બધું ભજન કર્યું છે તેનું સન્માન મળે એવી મહેચ્છાઓ રહ્યા કરે છે. પરંતુ જ્યારે વચનામૃતનું વાચન સ્વલક્ષી બને છે, અર્થાત પોતે પોતાના માટે જ સ્વાધ્યાય કરે છે અને જીવના કલ્યાણ માટે જ સત્સંગ-ભજન વગેરે કરે છે, એવા ભાવ સાથે જ્યારે નામસ્મરણ-કીર્તન-ધ્યાન-સેવા-સત્સંગ-સંતસમાગમ વગેરે થવા લાગે છે ત્યારે ખરા અર્થમાં વચનામૃતનો સ્વાધ્યાય જીવનમાં ફળદાયી બને છે.

વચનામૃતમાં નામસ્મરણ મહિમાની વાતો એક ગામડાંના ખેડૂત કવિએ ખેતી કરતાં કરતાં પોતાની 'કવિતાની ક્યારી'માં આ રીતે કંડારી છે. જેનો આસ્વાદ ગાન કરવાથી અને એ કવિના મુખે થતું ગાન શ્રવણ કરવાથી તેમજ વચનામૃત સાથે આ કાવ્ય પંક્તિઓને સમજવાથી જરૂર આવશે.

રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..
હરતાં-ફરતાં ખાતાં-પીતાં, ભજતાં રહેવું રે...
રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..૧...
મફત મળે ને દુખડાં ટળે, આ નામ છે એવું રે,
સુખ દેનારું પાપ હરનારું, એ ભાવથી લેવું રે.
રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..૨
સદ્‌ગુરુને શોધી લેજો, એને શરણે રહેવું રે,
સાચા સંતોને ઓળખીને, એને દિલ દઈ દેવું રે.
રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..૩
સાવ છે સહેલું ઉઠતાં પહેલું નામ એ લેવું રે ,
સુખ શાંતિ આપે સૌને, નામ છે એવું રે.
રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..૪
રામના નામે પથ્થર તર્યા, એ નામ છે કેવું રે !!!
નાનુ ભરાડ ઘનશ્યામ ભજી લે, આનંદમાં રહેવું રે.
રટતાં રહેવું નામ હરિનું, રટતાં રહેવું રે..૫

વહાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું

- સાધુ હરિકૃષ્ણદાસ
(વિદ્યાર્થી સંત)

ઇષ્ટદેવ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતમય વચનો એટલે વચનામૃત. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં વચનામૃત ગ્રંથને શિરમોડ સ્થાને સ્થાપિત કરવામાં આવેલ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વરતાલ, અમદાવાદ વગેરે પવિત્ર સ્થળોએ બિરાજમાન થઈને પોતાના સંતો-હરિભક્તોની સામે સ્વમુખેથી વચનો રૂપી અમૃતનો વરસાદ વરસાવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સાંનિધ્ય પ્રાપ્ત કરેલા મહાન સદ્‌ગુરુઓમાંથી સત્સંગની મા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, મહાયોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી, વિદ્વત્તામાં બૃહસ્પતિને સમાન સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી અને સંપ્રદાયના શ્રેષ્ઠ લહિયા સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી - આ ચારેય સંતોએ જેમ ચાતક પંખી સ્વાતિ નક્ષત્રનાં બુંદને ઝીલે તેમ શ્રીજી મહારાજનાં દિવ્ય અમૃતમય વચનોને ઝીલ્યાં, ગ્રંથસ્થ કર્યાં અને જે ગ્રંથ આપણને પ્રાપ્ત થયો એ વચનામૃત.

વચનામૃત ગ્રંથ ભગવાન શ્રી સ્વામિનારાયણની હાજરીમાં જ તૈયાર થયો છે. સ્વયં શ્રીજી મહારાજે વચનામૃત ગ્રંથને પ્રમાણિત કર્યો છે. ગ્રંથમાં વચનામૃતોની સંખ્યા ૨૬૨ છે. આ વચનામૃતોની ભાષા ગામડાંના અભણ માણસોને પણ સમજાય તેવી સરળ છે.

પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વચનામૃતોમાં ખૂબ રહસ્યાર્થભરી વાણીનો સમાવેશ કર્યો છે. જેમ કે...

- શ્રીજી મહારાજે બાહ્ય ઇન્દ્રિયોને જીતવાના અનેક રહસ્યો બતાવ્યાં છે. જેવાં કે, ઇન્દ્રિયોને જીતવાની યુક્તિ શીખવી, નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્યવાર્તા ન સાંભળવી. ત્યાગીના નિયમોનું પાલન કરવું, આહારને નિયમમાં રાખવો, તપ્તકૃચ્છ અને ચાંદ્રાયણાદિક વ્રતો કરવાં, જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરવું. ભગવાનની કથા-વાર્તા સાંભળવી. (વ.લોયા ૫)

- ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાના રહસ્યો. જેમ કે, ભગવાનની મૂર્તિમાં અખંડવૃતિ રાખવાના મુખ્ય ચાર રહસ્યો છે, એક તો જેના ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય, બીજો અતિશય શૂરવીરપણું, ત્રીજો જેને ભય હોય અને ચોથો જેને વૈરાગ્ય હોય. (ગઢડા મધ્ય પ્ર.- ૩૬)

- ભગવાનને વિષે અસાધારણ સ્નેહ વધારવાના રહસ્યો. જેમ કે, એક તો ભગવાનનો દૃઢ નિશ્ચય હોવો જોઈએ, આસ્તિકપણું હોવું જોઈએ, ભગવાનનાં ઐશ્વર્યને જાણે, ભગવાન પુરુષોત્તમને જ કર્તા અને સર્વના અંતર્યામી જાણવા જોઈએ. (ગઢડા પ્રથમ પ્ર. ૫૯)

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ બ્રહ્માંડ અને શરીરની વચ્ચે એકતા (સામ્યતા) છે એવું મોટામાં મોટું રહસ્ય આપણને ગઢડા પ્રથમ પ્રકરણના ૬૫ મા વચનામૃતમાં બતાવ્યું છે. જે જ્ઞાનને મોટા-મોટા યોગીઓ, જ્ઞાનીઓ વેદો, ઉપનિષદો, પુરાણો જેવાં શાસ્ત્રો ભણી-ભણીને પણ જાણી શકતા નથી, એ તત્ત્વજ્ઞાનને શ્રીજી મહારાજે ગામડાંના સામાન્ય અભણ લોકો પણ ખૂબ જ સરળતાપૂર્વક સમજી શકે એવી શૈલીમાં વાત કરી છે, "આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે, તેટલું જ આ પિંડમાં (શરીર) પણ છે. તે પિંડમાં અલ્પ છે ને બ્રહ્માંડમાં મહત્ (મોટું) છે અને જેવો આ પિંડનો આકાર છે, તેવો જ બ્રહ્માંડનો આકાર છે. જેમ બ્રહ્માંડમાં નદીઓ છે તેમ પિંડમાં નાડીઓ છે." (ગઢડા પ્રથમ પ્ર. ૬૫)

શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે, **"યથા પિણ્ડે તથા બ્રહ્માંડે"** અર્થાત્ જેવી આપણાં શરીરમાં રચના છે, તેવી જ આ બ્રહ્માંડની રચના છે.

આ પ્રમાણે શ્રીજી મહારાજે વચનામૃતમાં ઘણી જગ્યાએ અનેક પ્રકારનાં રહસ્યો પ્રકટ કર્યાં છે, કે જે રહસ્યોને જાણવા માટે જ્ઞાનીઓ અને યોગીઓ વેદો ભણી-ભણીને થાકી જાય છે.

આ વચનામૃત ગ્રંથ પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણનાં અમૃતમય વચનોનો મહાસાગર છે.

આ મહાસાગરમાં અનેક રહસ્યો ભરેલાં છે. આપણે આ મહાસાગરના કિનારે બેસીને તેમાંથી નીકળતી રહસ્યમય લહેરોનો આનંદ માણવો જોઈએ.

: રહસ્યોથી ભરેલા દૃષ્ટાંતો :

વચનામૃત મહાસાગરમાં વિવિધ પ્રકારનાં મોતીઓરૂપી દૃષ્ટાંતો રહ્યાં છે.

- ભગવાનનો નિશ્ચય તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે, તેનું એક રહસ્યભર્યું દૃષ્ટાંત શ્રીજી મહારાજે બતાવ્યું છે. આ જીવ છે તે બુદ્ધિએ કરીને જાણે છે માટે બુદ્ધિ છે તે સર્વનું કારણ છે. તે બુદ્ધિ મનને વિષે રહી છે, ચિત્તને વિષે રહી છે, અહંકારને વિષે રહી છે, શ્રોત્રને વિષે રહી છે, ચક્ષુને વિષે રહી છે, વાણીને વિષે રહી છે, હાથને વિષે રહી છે, ગુદાને વિષે રહી છે, એવી રીતે તે બુદ્ધિ નખશિખાપર્યંત આ શરીરને વિષે વ્યાપીને રહી છે. અને તે બુદ્ધિને વિષે જીવ રહ્યો છે પણ તે જીવ જણાતો નથી. ત્યાં દૃષ્ટાંત છે : જેમ અગ્નિની જ્વાળા ઘટે છે ને વધે છે તે વાયુએ કરીને વધે છે ને ઘટે છે. તે અગ્નિની જ્વાળા વધતીઘટતી જણાય છે પણ વાયુ જણાતો નથી. અને તે અગ્નિ લઈને છાણામાં મૂકીએ ને તે છાણામાં સળગવા માંડે તેને લઈને જ્યાં વાયુ ન હોય ત્યા મૂકીએ તે ધુમાડો ઊંચો ચડવા માંડે. તે ધુમાડો જ ઊંચો ચડતો જણાય પણ તેમાં વાયુ જણાતો નથી. જેમ આકાશને વિષે વાદળાં ચાલે છે તે વાયુએ કરીને ચાલે છે તે વાદળાં ચાલતાં જણાય છે, પણ તેમાં રહ્યો એવો જે વાયુ તે જણાતો નથી. તેમ જ્વાળા, ધુમાડો ને વાદળાં તેને ઠેકાણે બુદ્ધિ જાણવી અને વાયુને ઠેકાણે જીવ જાણવો. (કારિયાણી ૧)

- જીવમાં ભગવાનનો નિશ્ચય છે તે જાણવા માટે શ્રીજી મહારાજે રહસ્યથી ભરેલું દૃષ્ટાંત બતાવ્યું છે. 'જેમ ભગવાન ઋષભદેવ નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોય ખબર ન રહી. એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય તેમાં કોઈ સંશય ન થાય, તો એને જીવને વિષે નિશ્ચય જાણવો. ત્યાં એક દૃષ્ટાંત છે : "જેમ સમુદ્રમાં વહાણ ચાલે છે તેમાં જે લોઢાનાં નાંગળ હોય તેને સમુદ્રમાં નાંખે તે જો ધરતી લગણ ન પૂગ્યો હોય ને તેને જો તરત તાણી લે તો ઝાઝી મહેનત ન પડે ને તરત જ નીસરી આવે અને તેને ધરતી લગણ જવા દઈને તાણે તો ઘણી મહેનતે નીસરે અને જો ધીરે-ધીરે જવા દે ને ધરતીમાં ખૂંતે ને ભરાઈ જાય, તો પાછો તે તાણ્યો તણાય નહીં ને નીસરે પણ નહીં." (કારિયાણી ૧)

- ભગવાનનો ભક્ત ભગવાનની સારૂપ્યતાને પામે છે તેવું અદ્‌ભુત અને રહસ્યતાથી યુક્ત દૃષ્ટાંત : જેમ આકાશને વિષે રહી જે પૃથ્વી તે પ્રલયકાળને સમે આકાશરૂપ થઈ જાય છે અને જળ પણ આકાશ રૂપ થઈ જાય છે અને વાયુ પણ આકાશરૂપ થઈ જાય છે. એમ જે ભગવાનના ભક્ત હોય તેના જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તે સર્વ ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે. ભગવાન પોતે દિવ્યમૂર્તિ છે. તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહ તેને આકારે એ ભક્તનાં અવયવો થાય છે. ત્યાં દૃષ્ટાંત છે : "જેમ ભમરી ઈયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે. તેણે કરીને તે ઈયળ તે ને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે, પણ કોઈ અંગ ઈયળનું રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે." (કારિયાણી ૧)

આ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અમૃતમય વચનો અને રહસ્યોથી સભર એવા ઉપાયો અને દૃષ્ટાંતો પોતાના સંતો-હરિભક્તોની આગળ ઉચ્ચાર્યાં છે. ઉપરોક્ત રહસ્યોથી ભરપૂર એવાં અનેક ઉદાહરણોથી ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાન્યમાં સામાન્ય માણસને પણ સમજમાં આવે એ રીતે સરળતાપૂર્વક મોક્ષમાર્ગની સાધના પદ્ધતિઓને સમજાવી છે.

સ્વર્ગમાંથી પ્રાપ્ત થતાં અમૃત કરતાં પણ આ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય વચનોરૂપી વચનામૃત શ્રેષ્ઠ છે, કારણ કે સ્વર્ગમાંથી પ્રાપ્ત થતાં અમૃતનું પાન કરવાથી દેવતાઓ જેટલું આયુષ્ય તો મળે છે પણ જન્મ-મરણનાં ચક્રમાંથી મુક્ત થવાતું નથી. જ્યારે આ દિવ્ય વચનામૃતનું પાન કરવાથી મનુષ્ય કાળ, માયા અને કર્મોનાં ભયથી સંપૂર્ણપણે મુક્ત થાય છે. તો આવો, આપણે પણ આ રહસ્યોથી ભરપૂર એવાં વચનામૃતનો અભ્યાસ કરીને મોક્ષ પ્રાપ્ત કરીએ.

(જ્ઞાનસત્ર-૪૩ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે વચનામૃતજી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિબંધલેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર નિબંધનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.)

સુભાષિત રસાસ્વાદ

જીવનનું આશ્ચર્ય

રમણિકભાઈ કુપારેલિયા

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ।।

"વાઘણની જેમ ડરાવતી વૃદ્ધાવસ્થા સામે ઊભી છે, શત્રુઓની પેઠે રોગો શરીર ઉપર સતત પ્રહાર કરે છે. ફૂટેલા ઘડામાંથી પાણીની પેઠે આયુષ્ય વહી જાય છે, છતાં પણ લોકો પોતાના અહિતનું આચરણ કરે છે એ આશ્ચર્યની વાત છે."

ઘડપણ અને રોગો - દેહધારીઓના આ બે મહાશત્રુઓ છે. વિફરેલી વાઘણની જેમ ધુરકિયા કરતી વૃદ્ધાવસ્થા તો દરેકની ઉપર ઝળુંબે જ છે, તે સૌને ડરાવે છે અને ધમકાવે છે. સિંહ-વાઘની ડણકમાત્ર કોઈની ઉપર હુમલો ન કરે તો પણ માનવજાતને ધ્રૂજાવી દે છે, તેવું જ વૃદ્ધાવસ્થાનું છે. ઘડપણની કથા અને વ્યથાથી આપણે ક્યાં અજાણ છીએ?

વૃદ્ધત્વની માફક માનવજાતને બીજો ભય છે રોગાદિ આપદાઓનો 'પહેલું સુખ તે જાતે નર્યા.' પણ આજે તો ખાનપાન અને આહારવિહારને છૂટો દોર મળી ગયો છે! જાણે હરાયું ઢોર જોઈ લો! એના માઠાં પરિણામોથી આપણે અજાણ નથી. વટાવી ચૂકેલા પ્રૌઢવર્ગમાં કોઈ જ પ્રકારની દવા ન લેવી પડતી હોય તેવા જૂજ કિસ્સા મળે છે. બાકી તો નાસ્તાની જેમ ખોબો ભરીને દરરોજ દવા ખાનારાનોઓનો તૂટો નથી. આજે તો બ્લડ પ્રેશર (બી.પી), ડાયાબિટીસ, લીવર, કીડની, પથરી ને હૃદય સંબંધી રોગોનો જાણે રાફડો ફાટ્યો છે. આ રોગપ્રહારોથી શરીર ન ઘસાય તો જ નવાઈ. કઠિયારો કોઈ ઝાડના થડ ઉપર સતત કુહાડાના પ્રહાર કરતો રહે ને ઝાડનો ખો નીકળી જાય, તેમ અનેક રોગો માનવશરીર ઉપર સતત પ્રહાર કરતા જ રહે છે. (વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનાં કાવ્યમાં આવા અનેક રોગો વર્ણાવ્યાં છે.) પરિણામે શરીર દિનપ્રતિદિન ક્ષીણ થતું જાય છે ને પીડા ભોગવવી પડે છે. આમ, આ રોગોનો ભય કંઈ જેવો તેવો તો નથી જ.

ત્રીજી બાબત છે દિનપ્રતિદિન ક્ષીણ થતું આયુષ્ય. રાત-દિવસ એક સફેદ અને એક કાળો એમ બે ઉંદરો દેહરૂપી વડવાઈને સતત કાપી રહ્યાં છે. અર્થાત દિવસે દિવસે આવરદા તો ઓછી થતી જ જાય છે પણ એ આપણને દેખાતું નથી, અનુભવાતું નથી. હજુ કાલ સવારે માથા પર પથિયાં પાડતા હતા, આજે ત્યાં ટાલ પડી ગઈ છે! ખબર જ ન રહી કે આટલી ઉંમર ક્યારે ને કેવી રીતે વીતી ગઈ! બાળક હોય તે યુવાન થાય ત્યારે તેમના મા-બાપ અને પોતે પણ મનમાં મલકાય છે, પણ એમને ખબર જ ક્યાં છે કે દીકરો યુવાન થયો નથી પણ એટલો મૃત્યુથી નજીક ગયો! તેમ સમજવું જ રહ્યું. 'कालो न यातो वयमेव याताः' જો કે સમય જતો નથી, આપણે જ કાળના મુખમાં નજીક જઈએ છીએ. આ એક હકીકત છે, પણ આપણને એમ મનાતું નથી એ અચરજ છે. જેમ ભાંગેલા-ફૂટેલા ઘડામાંથી ધીરે ધીરે પાણી સ્રવી જાય, તેમ હરપળ - હરક્ષણ આવરદા ઓછી થતી રહે છે, જિંદગીના વર્ષો હાથમાંથી સરકી જાય છે પણ એ જણાતું નથી, દેખાતું જ નથી!

હવે નવાઈ તો ત્યાં છે કે ઉપરોક્ત ત્રણ ભયસ્થાનો માણસમાત્ર ઉપર ઝળુંબે છે, એમાંથી કોઈ બાકાત પણ નથી. આ બધું સ્પષ્ટપણે દેખાય છે, છતાં સાચું મનાતું નથી ને માણસ જીવનભર અહિતના માર્ગે જઈ રહ્યો છે. કલ્યાણકારી માર્ગ છોડી અકલ્યાણ-અહિતના માર્ગે આગળ વધી રહ્યો છે. ન્યાય-નીતિ, ધર્મપાલન, સદાચાર વગેરે નેવે મૂકીને અધર્મ, અનીતિ, દુરાચાર, દગાબાજી, છળકપટ, ઈર્ષ્યા, અહંકાર, ભેળસેળ વગેરે પાપાચારમાં રાચી રહ્યો છે. આથી બીજી મોટી વિચિત્રતા કઈ હોઈ શકે?

સાપના(કાળના) મુખમાં રહેલી ગરોળી માખી-મચ્છર ઉપર ઝડપું નાખે છે! પોતે મોતના મુખમાં છે ને બીજાને હડપ કરવા મથે છે! બસ, આવી જ દશા ભર્તુહરિના મતે મૂઢ માનવની છે. જાણે પોતાને વૃદ્ધત્વ આવવાનું જ નથી, રોગોના ભોગ બનવાનો જ નથી ને યુવાની સદાય રહેવાની જ છે એવા વહેમમાં માણસ અહિતના માર્ગને અનુસરે છે. વાસ્તવમાં સાંસારિક અને લૌકિક સુખોની તો મર્યાદા છે, દુઃખ વિનાનું જીવન હોતું જ નથી. સુખનો માત્ર આભાસ છે, તે કાયમ રહેતું પણ નથી. ભગવાન સંબંધી કે પારલૌકિક સુખ અમાપ છે, ચિરકાલીન છે, અનંત છે, એમાં દુઃખનો લેશ પણ નથી. પણ આ બધું સમજાય ત્યારે ને! આપણામાં આ જાગૃતિની જ્યોત સદાય જલતી રહો...

હાસ્ય લેખ

સમૂહ તર્પણ સમિતિ

– ડો. જગદીશ ત્રિવેદી

સમૂહલગ્ન અને સમૂહ-યજ્ઞોપવિતનાં આયોજનો પરથી મારા ગામના સેવાભાવી માણસોને વિચાર આવ્યો કે સારા પ્રસંગો જો સમૂહમાં થતા હોય, તો માઠા પ્રસંગો કેમ ન થાય ? એટલે ગયા વરસે ભાદરવાની અમાસ એટલે કે સર્વપિતૃ-અમાસના દિવસે આખા વરસમાં જેટલા ડોસા-ડોસી ગુજરી ગયા હોય, એ બધાના સમૂહ પિતૃતર્પણનું આયોજન થયું.

તાબડતોબ અખિલ સુરેન્દ્રનગર સમૂહ પિતૃતર્પણ સમિતિની રચના કરવામાં આવી અને જે લોકો જરૂરિયાતમંદ હોય તથા જે લોકો જરૂરિયાત ન હોવા છતાં મંદ હોય તે તમામને પોતાનાં મૃતક વડીલોનાં નામ સમૂહ તર્પણ સમિતિ પાસે નોંધાવવાનું કહેવામાં આવ્યું.

સમૂહતર્પણ સમિતિને ધાર્યા કરતાં સારો પ્રતિભાવ મળ્યો. ગયા વરસે આ દુનિયામાંથી એક્ઝિટ કરી ગયેલા અઠ્ઠાવીસ વડીલોની એન્ટ્રી આવી. સંતાનોથી ગળે આવેલા એક વૃદ્ધે તો એડવાન્સમાં ફોર્મ ભર્યું. એમની દલીલ હતી કે જે રીતે જીવતાં જગતિયું થાય છે, એમ હું જીવતેજીવ મારું તર્પણ સમૂહમાં થતું જોવા માગું છું. હું મારા પુત્રોને કંઈ જ અર્પણ કરવાનો નથી, એટલે એ લોકો તર્પણ નહીં કરે એ નક્કી છે.

આ અઠ્ઠાવીસ વડીલોના કુલ એકસો ને આડત્રીસ દીકરા અને એકસો ને આડત્રીસના કુલ ત્રણસો ને તેર દીકરા થયા. આમ અઠ્ઠાવીસ વડીલોના કુલ ચારસો ને એકાવન પુત્રો તથા પૌત્રો થયા. હવે હિન્દુ તર્પણવિધિ અનુસાર પિતૃતર્પણ વખતે સીધી લીટીના વારસદારો માટે મુંડન જરૂરી હોવાથી સમૂહતર્પણ સમિતિને મોટી ચિંતા એ થઈ કે સર્વપિતૃ-અમાસના દિવસે ચારસો ને એકાવન માણસોના મૂંડા કેવી રીતે કરાવવા ?

અત્યારે ફાસ્ટફૂડનો જમાનો છે. હજારો માણસોની રસોઈ ઘડીકમાં થઈ જાય એવાં રાંધણમશીન બન્યાં છે. મુસાફરીમાં પણ માણસ કલાકના હજારો કિલોમીટર ઊડી શકે એવો ઝડપી બન્યો છે, પણ હોલસેલમાં માણસના માથે મૂંડો થઈ શકે એવી કોઈ શોધ થઈ હોય એવું મારા સાંભળવા કે વાંચવામાં આવ્યું નથી. ચારસો ને એકાવન લાભાર્થીઓને માથે મુંડન કરવા માટે ઓછામાં ઓછા નેવું વાળંદ બોલાવો તો એકના ભાગે પાંચ ટકા આવે. અહીં ટકાનો અર્થ પર્સન્ટેજ નહીં, પણ મૂંડો એવો કરવો. હજામને એક માણસને મૂંડતાં જો બાર મિનિટ થાય, તો એક કલાકે માત્ર મુંડનનું કામ પતે. એટલે સમૂહતર્પણ સમિતિના પ્રમુખે જાહેરાત કરી : "બ્રાહ્મણનાં કાંડાં પછી બાંધજો, પહેલાં નેવું વાળંદનાં કાંડાં બાંધો."

સમૂહ તર્પણ સમિતિવાળા પાંચ ગામ ફર્યા ત્યારે નેવુંની જગ્યાએ માંડ પચાસ વાળંદ મળ્યા. એમાં એક વાળંદે તો વળી એવી રજૂઆત કરી : "તમે જો મને વહેલી વાત કરી હોત તો રોજના પંદર લેખે હું એકલો મૂંડત અને ત્રીસ દિવસમાં ચારસોને એકાવન મૂંડા ઝગારા મારે એવા કરી નાખત." આ સાંભળી સમૂહ બારમા સમિતિના ખજાના વગરનો ખજાનચી ખીજાણો અને બોલ્યો : "તું મહિના અગાઉથી મૂંડા કરવાનું ચાલુ કરે, તો જેમનો મહિના પહેલા મૂંડો કર્યો હોય, એ વિધિમાં બેસે ત્યારે માથામાં ફૂગ્ગો પાડે એટલા વાળ ઊગી ગયા હોય. એમનો ફરી ટકો કરાવવો પડે. અમારે સમૂહતર્પણ કરવું કે તારી પાસે એકલા ટકા જ કરાવવા ?" ભાવ બાબતમાં સમૂહ તર્પણ સમિતિએ ઘણી રકઝક કરી, પણ સામેવાળાની જરૂરિયાત સમજી ગયેલા વાળંદોએ 'એક જ ભાવની દુકાન' એમ લખેલું બોર્ડ બતાવીને ભાવ પકડી રાખ્યો. અંતે દસ રૂપિયા લેખે ચારસો એકાવનના ચાર હજાર પાંચસો ને દસ રૂપિયા દેવાની શરતે સોદો નક્કી થયો.

ત્યારબાદ અઠ્ઠાવીસ વડીલોના તર્પણની વિધિ માટે અઠ્ઠાવીસ બ્રાહ્મણોની જરૂર પડી. એમાં ભદૂરભા પુરાણીએ બધા બ્રાહ્મણોનો હવાલો લઈ લીધો, એટલે ઘરેઘરે ફરવાની ઝંઝટ ટળી ગઈ. તર્પણવિધિ માટે જરૂરી સાધનસામગ્રી પણ લઈ આવવાની જવાબદારી ભૂદરભાએ સ્વીકારી. અઠ્ઠાવીસ વડીલોમાં એકનાં બાવન પિંડ લેખે ચૌદસો ને છપ્પન તો પિંડ બનાવવાં પડે, પણ ભૂદરભાએ કહ્યું : "આગલે દિ' ગોરાણી પાસે હોલસેલમાં ભાત રંધાવીને ચૌદસો છપ્પન પિંડ ઘરેથી બનાવીને લારીમાં નાખીને લેતો આવીશ."

સર્વપિતૃ-અમાસના દિવસે ગામના આગેવાનોની રૂબરૂમાં ભોગવો નદીના કાંઠે, સ્મશાનની સામે, સમૂહતર્પણની વિધિ શરૂ થઈ. સૌપ્રથમ પચાસ વાળંદ લાઈનસર બેસીને ઊંધું ઘાલીને મંડાણા. લાભાર્થીઓને

બોકડો મૂંડે એમ મૂંડવા માંડ્યા ત્યારે બપોર સુધીમાં ખાલી મૂંડનનું કામ પત્યું.

બીજું તો કંઈ નહીં, પણ ચારસો ને એકાવન માણસોના મૂંડા કરેલા, તે એના સોળ કોથળા ભરીને મોવાળા ભેગા થઈ ગયા. આ મોવાળા બરછટ હોય, છતાં એને 'સુંવાળા' કહેવાનો રિવાજ છે. સમૂહતર્પણ સમિતિને આ આયોજનની આડપેદાશ તરીકે સોળ કોથળા જેવા માતબર જથ્થામાં વાળ ભેગા થઈ જશે એવી કલ્પના જ નહોતી. એ વાળને ઠેકાણે કેમ પાડવા, એ ચિંતામાં સમિતિ ઘાંઘી થઈ. અંતે છકડા દ્વારા સલામત પરિવહન કરાવીને બધા વાળ વગડા સુધી પહોંચાડવાનો ખર્ચ અણધાર્યો આવી પડ્યો.

બ્રાહ્મણો બપોર સુધી ટકામૂંડાની રાહ જોઈને બેસી રહ્યા. સમૂહતર્પણ સમિતિના મંત્રીએ ભૂદરભાને કહ્યું : "તમે વિધિ ચાલુ કરી દો." આ સાંભળી ભૂદરભા ખિજાઈને કહે : "તમારા મૂંડિયાવ માંડવા નીચે આવે તો મંત્ર બોલીએ ને ? અમે સવારના સામાની ખીચડી ખાઈને બેઠા છીએ. એકલા બ્રાહ્મણ બેઠાં-બેઠાં સૌ-સોના બાપનું સરાવે તો થાય. કાલના બનાવેલા ચૌદસો ને છપ્પન પિંડ પણ સુકાઈને માથામાં મારો તો ઢીમચું કરે એવા થઈ ગયા છે."

આ વિવાદમાં વાળંદોએ હિસાબ આપ્યો તો ચારસો ને એકોતેર મૂંડા થયા. સમૂહતર્પણ સમિતિએ ફરીવાર યાદી તપાસી તો ટકાવાંછુઓની સંખ્યા તો ચારસો ને એકાવન જ હતી. બ્રાહ્મણો સાથેનો ઝઘડો શમ્યો નહોતો, ત્યાં વાળંદ સાથે વેર ઊભાં થઈ ગયાં. પછી ખબર પડી કે આ કોઈના સગા નહોતા એવા વીસ જણ ગિરદીનો લાભ લઈ મફત મુંડન કરાવીને છટકી ગયા હતા.

એક જ ગામમાં પોણાપાંચસો માણસોએ એક જ દિવસે મુંડન કરાવ્યું હોવાથી મહિના સુધી જ્યાં જુઓ ત્યાં મૂંડા જ સામા મળતા. સિટી બસમાં સાઠ પૅસેન્જર્સ બેઠા હોય તો તેમાં અડધા તો મૂંડા માથાં મારીને ચડ્યા હોય. ટૉકિઝમાં ત્રણસો માણસ બેઠું હોય, તો એમાં પચીસ જેટલા મૂંડા મૂવી જોતા હોય. ૦

સમાચાર દર્શન

જ્ઞાનસત્ર-૪૩

ગુરુકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંદેશાવાહક તરીકે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલ દ્વારા શિબિરો, બ્રહ્મસત્રો, જ્ઞાનસત્રો, જપયજ્ઞો જેવાં વિવિધ આયોજનો દ્વારા અનેક જીવોને મોક્ષમાર્ગે વાળ્યા. ગુરુદેવનું આ કાર્ય આજે પણ સંપ્રદાય અને સમાજમાં આગવી ભાત પાડી રહ્યું છે. ગુરુદેવનાં એ કાર્યનું એક સોપાન એટલે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદને આંગણે યોજાતો જ્ઞાનસત્ર. ૪૩ વર્ષથી અખંડ વહેતી આ ભાગીરથી અવિરત વહેતી રહી છે. આ વર્ષે તારીખ ૧ થી ૭ ઓગષ્ટ દરમિયાન જ્ઞાનગંગા વહેવડાવતો જ્ઞાનસત્ર યોજાયો.

૧ ઓગષ્ટ, જ્ઞાનસત્રના પ્રારંભે નવ કલાકનો જપયજ્ઞ યોજાયો, જેમાં અખંડધૂન, મંત્રલેખન તથા અખંડ દંડવત્નું આયોજન કરવામાં આવ્યું હતું. બપોર પછી પોથીયાત્રા સાથે જ્ઞાનસત્રનો પ્રારંભ થયો. આ જ્ઞાનસત્ર દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનની કથા અંતર્ગત ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરના અન્નકૂટ ઉત્સવ પછી સભામાં વર્ણવેલા સંતના ત્રીસ લક્ષણોને વિસ્તારથી સમજાવ્યા હતા. આ સાથે વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે યુવાન સંતોએ વચનામૃતના વિવિધ વિષયોના આધારે વ્યાખ્યાનમાળાનું શ્રવણ કરાવ્યું હતું. આ ઉપરાંત પ્રસંગોપાત્ પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જ્ઞાનસત્રાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

ગૌરીપૂજન : SGVP દ્વારા દરવર્ષે ગૌરીપૂજન

સ્વરૂપે મોટી સંખ્યામાં મેડીકલ, સી.એ., એન્જિનિયર તથા અન્ય ક્ષેત્રે અભ્યાસ કરનારી દીકરીઓને વર્ષ દરમિયાન થતો અભ્યાસખર્ચ સંસ્થા દ્વારા અપાય છે. આ ઉપક્રમે ખાસ આયોજિત ગૌરીપૂજન પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ શ્રીદેવવ્રતજી તથા તેમના ધર્મપત્ની દર્શનાદેવી ઉપસ્થિત રહ્યાં હતાં અને એમનાં હસ્તે આશરે ૧૮૦ દીકરીઓને શિક્ષણસહાય અર્પણ કરી ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા બાદ શ્રીદેવવ્રતજીનો આ પ્રથમ જાહેર કાર્યક્રમ હતો. પૂજ્ય સ્વામીજીએ રાજ્યપાલશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે, 'ભારતદેશ ઋષિમુનિઓનો, ગુરુકુલોનો અને ગાયોનો દેશ છે. ગાયોનું જતન અને સંવર્ધન કરવું એ આપણી ફરજ છે. આપણા ઋષિમુનિઓએ બ્રહ્મવિદ્યાની સાથે ભૌતિક સાધનો સાથે સમાજના પ્રેય-શ્રેયની ચિંતા કરી છે. ગુરુકુલ દ્વારા આ કાર્ય થઈ રહ્યું છે અને વધારે આનંદની વાત એ છે કે આદરણીય રાજ્યપાલશ્રી પણ ગુરુકુલ અને ગૌશાળા ચલાવે છે.'

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, 'ગુરુકુલમાં ચાલતા જ્ઞાનસત્ર અંતર્ગત ગૌરીપૂજનમાં આવતા મારી જાતને સૌભાગ્યશાળી માનું છું અને અત્યંત ધન્યતા અનુભવુ છું. આજથી ૧૦-૧૨ વર્ષ પૂર્વે છારોડી ગુરુકુલમાં દર્શનાર્થે આવેલ અને સ્વામીજી પાસેથી છ ગીર વાછરડી ભેટમાં લઈ ગયેલ. અત્યારે ૩૦ ગીર ગાયો છે. ગુરુકુલ દ્વારા યોગ, આયુર્વેદ અને એલોપથીનો સુભગ સમન્વય ધરાવતી હોસ્પિટલ નિહાળી અત્યંત આનંદ થાય છે. ખરેખર ગુરુકુલ સંસ્થા ભારતીય સંસ્કૃતિના વિકાસ માટે અદ્‌ભુત કાર્ય કરે છે. આજે ગુરુકુલમાં આવી માતૃતુલ્ય બહેનોનું પૂજન કરવાનો લાભ મળ્યો, એ મારુ સૌભાગ્ય માનું છું.'

રાત્રિ કાર્યક્રમ : જ્ઞાનસત્રના રાત્રિ કાર્યક્રમોમાં અમદાવાદ ગુરુકુલ તથા દર્શનામ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઠાકરથાળી, મહિલામંચ, લોકડાયરો વગેરે કાર્યક્રમોએ ભગવદ્‌ભક્તિ તથા દેશભક્તિનાં દર્શન કરાવ્યાં હતાં. તથા વચનામૃત નિબંધ લેખન તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં વિજેતા થયેલા સ્પર્ધકોને સંતોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

આ સાથે અમરેલી, અમદાવાદ, દુધાળા, નાગપુર વગેરે સ્થાનોમાંથી સાંખ્યયોગી બહેનોએ પધારી બહેનોને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

આમ સાત દિવસના ભક્તિસભર આ અનેરા ઉત્સવમાં સહુ સંતો-ભક્તોએ ખૂબ આનંદ સાથે જ્ઞાન-ભક્તિનું ભાથું ભર્યું હતું. આ જ્ઞાનસત્રનાં સમાપન પ્રસંગે સદ્‌ગુરુ સંતોએ મુખ્ય યજમાન તથા સહ યજમાનશ્રીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. જ્ઞાનસત્રનું લાઈવ પ્રસારણ સદ્‌વિદ્યા ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું.

ધ્વજવંદના- લદ્દાખ

લદ્દાખના લેહ ખાતે ૭૩મી આઝાદીનું પર્વ ભારે ઉત્સાહથી ઉજવવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજી વિશેષ અતિથિના રૂપમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં લદ્દાખી કાઉન્સિલના વડા માનનીય ફુન્ચોક વાંગ્યાલે ભારે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. તથા મહાબોધિ ઈન્ટરનેશનલ સ્કુલના અધ્યક્ષ માનનીય શ્રીસંઘસેનાજી, લદ્દાખ BJPના MP અને પાર્લામેન્ટના હિરો જામીયાંગ શેરીન તથા BJP જમ્મુ-કાશ્મીરનો હવાલો સંભાળનાર પ્રોમીનેન્ટ લીડર અને સેક્રેટરી શ્રી રામમાધવ, લદ્દાખ કાઉન્સિલના સભ્યો, આર્મીના અનેક ઓફિસરો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં લદ્દાખની સ્કુલોના બાળકોએ દેશભક્તિના કાર્યક્રમો રજુ કરી સર્વનાં મન મોહી લીધાં હતાં. પારંપરિક લદ્દાખી નૃત્યો ભારે આકર્ષક હતાં. સાથે સાથે લદ્દાખને કેન્દ્રસાશિત રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થતા સર્વના હૈયામાં આનંદ અને ઉત્સાહ સમાતો નહોતો.

કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા પરિવારોને SGVP ગુરુકુલ તરફથી સત્કારવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૧ જેટલા શહીદ પરિવારોને અગિયાર-અગિયાર હજારના ચેક સત્કાર-પૂજનરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત વીરચક્ર વિજેતા તેમજ પરમવીરચક્ર વિજેતા જવાનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'જમ્મુ-કાશ્મીર અને લેહ-લદ્દાખની ભૂમિને લાગેલું ૩૭૦ અને ૩૫એ ધારાનું ગ્રહણ સમાપ્ત થયું છે. આ પુણ્યભૂમિમાં નવો સૂર્યોદય થયો છે. આ નવા સૂર્યોદય પ્રસંગે આઝાદીની પહેલી ઉજવણી થઈ રહી છે તેમાં

અમને ભાગ લેવાનો અવસર મળ્યો તે અમારા માટે ગૌરવનો વિષય છે. અમારાં જીવનનો આ ઐતિહાસિક દિવસ છે.' આ ઉપરાંત સ્વામીજીએ શહીદ પરિવારોની માતાઓના સંતાનોના બલિદાનને બિરદાવ્યું હતું.

લદ્દાખી કાઉન્સીલના વડા ફુન્ચોક વાંગ્યાલે હૃદયથી સ્વામીજીનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, 'આપે આટલા દૂરથી આવી આઝાદીના પર્વની ઉજવણીમાં ભાગ લીધો એ અમારા માટે આનંદની વાત છે. અહીં વસતા કારગીલના શહીદ પરિવારોને યાદ કરી એમનો સત્કાર કર્યો એ બદલ અમે આપના ઋણી છીએ અને આપનો આભાર માનીએ છીએ.' મહાબોધિ આશ્રમના અધ્યક્ષ સ્વામી શ્રીસંઘસેનાજીએ પણ હૃદયપૂર્વક SGVP ગુરુકુલ તથા સ્વામીજીનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત કારગીલ યુદ્ધના હીરો પરમવીરચક્ર વિજેતા સોનમે પણ હૃદયપૂર્વક કૃતજ્ઞતાની લાગણી અનુભવી હતી. ઉપરાંત લેહ-લદ્દાખના અનેક રાજકીય તેમજ આર્મીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગોગ્રીન ગોઓર્ગેનિક કાર્યક્રમ

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લદ્દાખની યાત્રાએ પધાર્યા હતા. એ દરમિયાન લદ્દાખના બાટાલિક ક્ષેત્રની પાસે ખાલસી શહેરમાં ગ્રીન હિમાલય પ્રોજેક્ટ અંતર્ગત ગોગ્રીન ગોઓર્ગેનિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ હતા માનનીય દ્રિકુજજ ચેતસંગ રિમ્પોછે. આ કાર્યક્રમમાં સ્વામીજી એવં ભીખ્ખુ સંઘસેનાજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

લદ્દાખમાં લોકો માનનીય દ્રિકુજજ ચેતસંગ રિમ્પોછેને દલાઈ લામા જેટલું સન્માન આપે છે. એમણે ગ્રીન હિમાલય પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા હિમાલયમાં સવા કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

આ પ્રસંગે આયોજિત સભામાં આદરણીય દ્રિકુજજ ચેતસંગ રિમ્પોછેજીએ પૂજ્ય સ્વામીજીનો આભાર માનતા કહ્યું હતું કે, 'આપ અહીંથી સેંકડો માઈલ દૂર ગુજરાતથી અમને પ્રોત્સાહિત કરવા પધાર્યા એનો અમને આનંદ છે અને અમે આપનો આભાર માનીએ છીએ.' આમ કહી તેઓશ્રીએ સ્વામીજીનું સન્માન કર્યું હતું. પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'આપે હાથ ધરેલું આ વૃક્ષારોપણનું કાર્ય દાદ માગી લે તેવું છે. આપના આ કાર્યમાં SGVP ગુરુકુલ પરિવાર સહભાગી થશે.'

વચનામૃત શિબિર- ભારાસર

ગામ ભારાસર હાલ શીસલ્સમાં નિવાસ કરતા પ.ભ. શ્રી વિશ્રામભાઈ જાદવા વરસાણીના નિવાસ્થાને તેમના સુપુત્ર અ.નિ. શ્રીસૂર્યકાંતભાઈની પવિત્ર સ્મૃતિમાં વચનામૃત શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પરિવારને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. ઉપરાંત સંપ્રદાયના વિદ્વાન સંતો, કચ્છના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્રામભાઈ પટેલ કચ્છના ભામાશા છે. તેઓએ પોતાની માતૃભૂમિ ભારાસરના વિકાસ માટે માતબર સખાવત કરી છે. ઉપરાંત ગુજરાતભરમાં પણ તેમની સખાવત વિસ્તરેલી છે. ભજ ખાતે એમણે વિશાળ સૂર્યા એકેડેમીની સ્થાપના કરી છે. આંતરરાષ્ટ્રીય કેમ્પમાં બાળકોને અતિ આધુનિક સુવિધા સાથે રમતગમતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. એમના દ્વારા હજારો તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. ઉપરાંત ગરીબ વિધવા બહેનોને સીલાઈ મશીનો, દિવ્યાંગોને ટ્રાઈસિકલ વ્હીલચેર વગેરે મોટા પ્રમાણમાં આપવામાં આવે છે. ગુજરાતભરમાં વિસ્તરેલા ગુરુકુલોમાં વિશાળ રમતગમતના સંકુલો બાંધ્યાં છે. તેઓ નાતજાતના કે ધર્મના ભેદભાવ વિના આ તમામ સેવાઓ કરી રહ્યા છે.

આ પ્રસંગે ધામધામથી ઉપસ્થિત સંતોએ અ.નિ. સૂર્યકાંતભાઈના આત્માને અંજલિ અર્પણ કરી હતી તથા વિશ્રામભાઈના સત્કાર્યોને બિરદાવ્યાં હતાં. ઉપરાંત સૂર્યકાંતના પુત્રો જોવન અને રોવનને પણ શુભાશીર્વાદ આપ્યા હતા. સભાનું સંચાલન જે.ડી. સોલંકી સાહેબે કર્યું હતું.

ગુરુકુલ ગૌરવ

ઈન્ટરનેશનલ સ્કૂલ તથા હોલિસ્ટીક હોસ્પિટલમાં ડાયરેક્ટર તરીકેની સેવા આપતા આદરણીય શ્રી જયદેવસિંહ સોનગરાને તા. ૪ ઓગષ્ટના રોજ અજ્યુકેશન લીડરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. **'Early Childhood Education'** ની નેશનલ કોન્ફરન્સમાં બાળકોનાં શિક્ષણ માટે આવનારા પડકારોના સંદર્ભમાં નેશનલ સ્પિકર્સની કોન્ફરન્સ અમદાવાદ ખાતે મળી હતી. જેમાં 'ગુરુકુલ શિક્ષણનું આધુનિક શિક્ષણમાં મહત્ત્વ' વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં જયદેવભાઈની વિચારધારાનું સન્માન કરતાં સ્માર્ટ વિલેજમાં ઈન્ડિયાના મેન્ટર શ્રી જગત શાહના હસ્તે એવોર્ડ અર્પણ થયો હતો. જયદેવભાઈની આ સફળતાને બિરદાવતા સંતોએ એમને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

SGVPના વિશાળ કેમ્પસમાં ક્રિકેટ, ફૂટબોલ, ટેનીસ જેવી વિવિધ રમતોના નેશનલ કક્ષાના ગ્રાઉન્ડ્સ તૈયાર કરવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને કોચીંગ અપાય છે. જેના પરિણામે વર્ષ દરમિયાન રાજ્ય તથા નેશનલ કક્ષાએ યોજાતી સ્પર્ધામાં ભાગ લઈ વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરે છે.

૧. તાજેતરમાં આમદાવાદ ખાતે ટ્રાન્સસ્ટેડિયા સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે યોજાયેલ પ્રિમિયર સ્કૂલ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં અમદાવાદ જિલ્લાની વીસ શાળાઓએ ભાગ લીધેલો. જેમાં શ્રી **SGVP** સ્કૂલના વિદ્યાર્થીઓની ટીમ ચેમ્પીયન બની હતી. ઉપરાંત **SGVP**ના વિદ્યાર્થી યશ કર્ણાવતને બેસ્ટ પ્રોમિસિંગ પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ એવોર્ડ અને પ્રિયાંક કેરાઈને બેસ્ટ સ્કોરર ઓફ ટૂર્નામેન્ટ એવોર્ડ પ્રાપ્ત થયા હતા.

૨. નોર્થ વેસ્ટ રિજન **ICSE** સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં **SGVP**ની ક્રિકેટ ટીમ વિજેતા બની છે. આ ટૂર્નામેન્ટમાં પંજાબ, હરિયાણા, ગુજરાત, રાજસ્થાન સહિત સાત રાજ્યોની સ્કૂલોની ટીમો ભાગ લે છે. ઉપરાંત **SGVP**ના શુભમ મિશ્રા, રેનિલ ઠુમ્મર, જ્યોત પટેલ, રાકેશ કુમાર, ક્રિશ જાંગીડ આ પાંચ વિદ્યાર્થીઓ નેશનલ લેવલ ટૂર્નામેન્ટમાં સિલેક્ટ થયા છે, જે આગામી સમયમાં લખનૌ રમવા જશે.

૩. નોર્થ વેસ્ટ રિજન **ICSE** સ્કૂલ સ્કેટીંગ ટુર્નામેન્ટ સુરત ખાતે રમાઈ હતી. જેમાં **SGVP**ના બે વિદ્યાર્થીઓ - દેવર્ષ દવે તથા દેવાંશુ તેકડે નેશનલ લેવલ ટુર્નામેન્ટમાં સિલેક્ટ થયા છે, જે આગામી સમયમાં મુંબઈ રમવા જશે.

સફળતા પ્રાપ્ત કરનારા આ તમામ વિદ્યાર્થીઓને સદ્‌ગુરુ સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રદ્ધા સુમન

અ.નિ. પ.ભ. શ્રી શિવજીભાઇ ગોવિંદભાઈ કેરાઈ :- હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી શિવજીભાઈ કેરાઈ તારીખ ૨૩ જુલાઈના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર શિવજીભાઈ વર્ષોથી સંસ્થા સાથે જોડાયેલા હતા. સંસ્થામાં એમની સેવાઓ ખૂબ રહી છે. તાજેતરમાં જ લંડન ખાતે યોજાયેલ હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં મુખ્ય યજમાન રહી ભાગવતની કથા કરાવી હતી. જાણે કે કથા સાંભળવા જ રોકાયા હોય એમ કથાના થોડા દિવસ પછી જ તેઓ અક્ષરવાસી થયા. શિવજીભાઈનો આખો પરિવાર પણ ખૂબ જ સારો સત્સંગ રાખે છે. પૂજ્ય સ્વામીજી સાથે શિવજીભાઈને ખૂબ લગાવ હતો. ભગવાન શ્રીહરિ શિવજીભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા સુપુત્ર ભીમજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. ધવલભાઈ મગનભાઈ કિડેચા:- ગામ ધોકડવા નિવાસી તથા દ્રોણેશ્વર ગુરુકુલમાં શિક્ષકની સેવા આપતા ધવલકુમાર કિડેચા ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. ઉત્સાહી, મહિમાથી ભરેલા અને કર્મઠ યુવાનના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. આ આખો પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ યુવાન ધવલના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે એમના સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી દિનેશભાઈ જાદવાભાઈ જેસાણી :- ગામ બળદિયા નિવાસી પ.ભ. શ્રી દિનેશભાઈ જેસાણી ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. દિનેશભાઈ વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલા હતા. એમનો પરિવાર પણ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ દિનેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી મોતીભાઈ કરમશીભાઈ ગઢિયા :- સુરત નિવાસી પ.ભ. શ્રી મોતીભાઈ ગઢિયા ૯૦ વર્ષની ઉંમરે ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવતા મોતીભાઈનો આખો પરિવાર સત્સંગના રંગે રંગાયેલો છે. ગુરુકુલમાં આ પરિવારની સેવાઓ અજોડ છે. ભગવાન મોતીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો છગનભા, ધનજીભાઈ, કલ્યાણભાઈ, ગુલાબભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ અરજણભાઈ સાવલિયા :- ગામ સાજિયાવદર, હાલ અમેરિકા નિવાસી પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ સાવલિયા ૨૯ જુલાઈના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે અતિ નિષ્ઠાથી જોડાયેલો છે અને ખૂબ જ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ વિઠ્ઠલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો દિનેશભાઈ, મહેન્દ્રભાઈ તથા ભાઈ બાબુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હેપીબેન રમેશભાઈ પટેલ :- ગામ ગોવિંદપુરા હાલ અમદાવાદ નિવાસી ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી રમેશભાઈ પટેલના ધર્મપત્ની ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. રમેશભાઈ એટલે ગુરુકુલનું અભિન્ન અંગ. એમની સેવા અવર્ણનીય છે. વર્ષોથી ઓફીસના તમામ કાર્યમાં નિષ્ઠાથી સેવા કરી રહ્યા છે. એમનો આખો પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. હેપીબેનના અચાનક અક્ષરવાસથી રમેશભાઈનો સમસ્ત પરિવાર તથા ગુરુકુલ પરિવાર ભારે શોક અનુભવે છે. ભગવાન શ્રીહરિ હેપીબેનને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા રમેશભાઈ, સુપુત્ર નીલ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રૂક્ષ્મણીબેન મનજીભાઈ અગોલા :- ગામ મેમકા નિવાસી ભક્તપરિવારના માતુશ્રી રૂક્ષ્મણીબેન અક્ષરવાસી થયા છે. આ અગોલા પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ રૂક્ષ્મણીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. નારાયણભાઈ વિઠ્ઠલભાઈ કેરાલિયા, અમદાવાદ
પ.ભ. શ્રી રક્ષિત ભરતભાઈ પટેલ, સુરેન્દ્રનગર
પ.ભ. શ્રી વરૂણ વિશ્રામભાઈ ધોરાજિયા, અમદાવાદ
પ.ભ. શ્રી મયંક ચતુરભાઈ પટેલ, દુબઈ
પ.ભ. શ્રી સુભાષભાઈ વિઠ્ઠલભાઈ વસોયા, અમદાવાદ
પ.ભ. શ્રી ભગવાનદાસ નાગરદાસ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી બલભદ્રસિંહજી ડી. ચુડાસમા, ગાંધીનગર
પ.ભ. શ્રી કૌષિકભાઈ અંબાલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ મેપાણી, સુખપુર-ભુજ
પ.ભ. શ્રી જાલમસિંહજી રાવલ, અમદાવાદ
શ્રી હંસાબેન નવિનચંદ્ર પટેલ, મુંબઈ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી દુર્લભભાઈ હરિભાઈ છોડવડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ગણપતભાઈ પ્રહ્લાદભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ચેતનભાઈ અશોકભાઈ લક્કડ, અમદાવાદ
પ.ભ. શ્રી પુરુષોત્તમભાઈ તળશીભાઈ બજાણા, અમદાવાદ
પ.ભ. શ્રી જગદીશભાઈ પટોળિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ગોવિંદભાઈ ભીમજીભાઈ વેકરિયા, ભરૂચ
પ.ભ. શ્રી ભાનુભાઈ પી. હરણોસા, અમદાવાદ
પ.ભ. શ્રી મુકેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી ચતુરભાઈ હરિભાઈ સોરઠિયા, મુંબઈ
પ.ભ. શ્રી ધીરૂભાઈ મગનભાઈ દુધાત, અમદાવાદ
પ.ભ. શ્રી ધીરૂભાઈ ઝવેરભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. શ્રી રાજુભાઈ મૂળજીભાઈ પટોળિયાની સ્મૃતિમાં
હ. જગદીશભાઈ પટોળિયા, અમદાવાદ
અ.નિ. શ્રી રવજીભાઈ કરશનભાઈ સાંખલા
હ. વિજેશ, ઘનશ્યામ, ધર્મેશ, નરેન્દ્ર-વાપી
પ.ભ. શ્રી અરવિંદભાઈ હરિભાઈ ઢોલરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી રમેશભાઈ ગંગદાસભાઈ કોરાટ, રાજપીપળા

આગામી આયોજન

તા. ૦૧/૦૯/૧૯, રવિવાર : **સુહૃદસભા:** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૦૭/૦૯/૧૯, શનિવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૦૯/૦૯/૧૯, સોમવાર : **જળઝીલણી એકાદશી :** સવારે ૯:૦૦ કલાકે જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ
તા. ૨૫/૦૯/૧૯, બુધવાર : **ઇન્દિરા એકાદશી :** સવારે ૮:૩૦ કલાકે, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર.

ફૂટબોલ તથા ક્રિકેટમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારા SGVPના વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવતા સદ્‌ગુરુ સંતો. આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં નેશનલ કક્ષાએ રમવા જશે

વચનામૃત શિબિર પ્રસંગે વિશ્રામભાઈ વરસાણી પરિવારને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીજી, ભારાસર-ભુજ

મેડીકલ કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો, માનકુવા-ભુજ

ગુરુપૂર્ણિમા પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું પૂજન કરતા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો, રીબડા ગુરુકુલ

પૂજ્ય પુરાણી સ્વામીના સાંનિધ્યમાં યોજાયેલ વચનામૃત અનુષ્ઠાનમાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, દ્રોણેશ્વર ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર (ઉના) ખાતે

જળઝીલણી મહોત્સવ

તારીખ :- ૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ સોમવાર

ભગવાન શ્રીહરિને જળમાં ઝીલાવવા, સંતોના મુખે કથા શ્રવણ કરવા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા ભક્તજનોને ભાવભર્યું આમંત્રણ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

પૂજ્ય સ્વામીજી તથા સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે યોજાયેલ ભક્તિસભર જ્ઞાનસત્ર પ્રસંગે
ઉપસ્થિત ગુજરાતના રાજ્યપાલશ્રી, વિદ્યાસહાય પ્રાપ્ત કરનાર દીકરીઓ તથા મહિલામંચમાં ભાગ લેનાર બહેનો

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-